# સાબરકાંઠામાં કોરોના વિસ્ફોટ, એક જ દિવસમાં ૧૬ પોઝિટિવ કેસ

## ખેડબ્રહ્મા પ્રાંત અધિકારીએ કોરોના વેક્સિન માટે વેપારીઓ સાથે બેઠક યોજી

બાયડ, ખેડબ્રહ્મા (બ્યુરો ઓફિસ) તા.૦૧

સાબરકાંઠા જિલ્લામાં તા.૧ એપ્રિલના રોજ કોરોના વિસ્ફોટ જેવી સ્થિતિ છે. એક જ દિવસમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં ૧૬ પોઝિટિવ કેસ આવ્યા છે. ઈડરની જનરલ હોસ્પિટલમાં કોવિડ હોસ્પિટલના બેડ હાઉસફુલ થઈ ગયા છે. ત્યારે ખેડબ્રહ્મા પ્રાંત અધિકારીએ વધતા કોરોનાના કેસને ધ્યાને રાખી વેક્સિન માટે વેપારીઓ સાથે બેઠક યોજ્યાનું પણ જાણવા મળ્યું છે.



સવાર થી સાંજ સુધી જ્યાં જુઓ ત્યાં કોરોનાના જ અહેવાલો સાંભળવા મળી રહ્યા છે. પ્રજા હવે કોરોનાના અતિક્રમણથી ટીવીમાં સમાચાર જોવાથી પણ મોં ફેરવી રહી છે પરંતુ પ્રજાએ પણ કોરોનાના વધતા સંક્રમણને નજર અંદાજ કરવું તે મહામારીને ઉત્તેજન આપવા જેવું છે. એપ્રિલના આરંભથી જ સાબરકાંઠામાં કોરોનાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. પ્રથમ દિવસે જ ૧૬ પોઝિટિવ કેસ આવ્યા છે જેમાં હિંમતનગરની મોતીબાગ સોસાયટી, મારૂતિનગર સોસાયટી, મધુવન પાર્ક, વિરપુર ગામ, સરકારી મેડીકલ કોલેજ હોસ્ટેલ, ઈન્દીરાનગર, બંસીધર સોસાયટી, જજીસ બંગ્લોઝ, ટેલિફોન સોસાયટી, પંચશીલ સોસાયટી, ખેડબ્રહ્માની પુષ્પકુંજ સોસાયટી, પ્રાંતિજની ગંગોત્રીનગર સોસાયટી, વડાલીના ડોભાડા તેમજ ઈડરના કેશવપાર્ક અને ગુલાબપુરા તેમજ પૃથ્વીપુરામાં કોરોના પોઝિટિવ કેસ આવતાં આરોગ્ય વિભાગ દ્વારા સર્વે હાથ ધરવામાં આવ્યો છે.

### ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં ૩૧ પોઝિટિવ કેસ

બાયડ : ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલમાં ૬૪ લોકોના એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યા જેમાં ૩૧ લોકો પોઝિટિવ આવતાં સમગ્ર ખેડબ્રહ્મામાં હલચલ મચી છે. ખેડબ્રહ્મા પ્રાંત અધિકારી એચ.યુ.શાહે તાબડતોબ વેપારી મહામંડળની બેઠક બોલાવી હતી અને તા.૧૧ મે. સુધી મફત રસીકરણની કામગીરી ચાલુ રહેવાની છે જેથી તમામ વેપારીઓ કોરોના રસીકરણ કરાવે તેવો અનુરોધ કર્યો હતો. બેઠકમાં ખેડબ્રહ્મા મામલતદાર, પાલિકા ચીફ ઓફીસર, સેનેટરી ઈન્સ્પેક્ટર સહિત અન્ય અધિકારી-પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કોરોના વિસ્ફોટ : અરવલ્લી જિલ્લામાં મોટા જમણવાર ઉપર બ્રેક લગાવવા આદેશ

### લગ્ન તેમજ અન્ય શુભપ્રસંગના અગાઉથી ઓર્ડર આપનારાની મુશ્કેલી વધી

કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છે. કોરોનાથી બાયડમાં મહિલાનું મોત નિપજ્યાના અહેવાલ છે ત્યારે અરવલ્લી જિલ્લામાં મોટા જમણવાર ઉપર બ્રેક લગાવવાની જિલ્લા કલેક્ટર દ્વારા સંકલનની મીટીંગમાં સૂચના આપ્યાની જાણકારી બહાર આવી છે. કમૂહર્ત પુરાં થતાં લગ્ન તેમજ અન્ય શુભ પ્રસંગોના આયોજનો થઈ રહ્યા છે જેથી અગાઉથી જ જમણવારના ઓર્ડર આપનારા યજમાનોની મુશ્કેલીમાં વધારો થયો છે. રાજકીય મેળાવડા પછી કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છે અને ભોગવવાનો વારો પ્રજાને આવ્યો છે. છેલ્લા એક પખવાડીયાથી કોરોનાની વિસ્ફોટક સ્થિતિને દબાવી રાખવામાં આવી હતી. અગાઉ જેમને કોરોના રસી લીધી હતી તેઓ પણ કોરોનાથી સંક્રમિત થયા હોય તેવો અનુભવ કરી રહ્યા છે. પાછલા ૨ દિવસમાં ખાનગી હોસ્પિટલોમાં કોરોના સંક્રમિત દર્દીઓમાં ઉછાળો આવ્યો છે. જ્યારે હોળી સમયે પણ અનેક સામૂહીક આરોગ્ય કેન્દ્રમાં કોરોના માટેની રેપિડ ટેસ્ટ કીટની અછત હોવાના અહેવાલ હતા તેના ઉપરથી જ જિલ્લામાં બાયડથી ભિલોડા સુધી કોરોનાનો કહેર વધ્યાની આશંકા હતી. જિલ્લામાં કોરોનાનું સંક્રમણ વધુ ન વકરે તે હેતુસર જિલ્લા કલેક્ટરની સૂચના અનુસાર દરેક મામલતદાર તેમજ તાબાના અધિકારીને તેમના વિસ્તારમાં જાહેર જમણવાર કે જ્યાં લોકો વધુ પ્રમાણમાં ભેગા થાય તેવા મોટા કોઈ કાર્યક્રમ ન યોજાય તે જોવા વિનંતી કરવામાં આવી છે.




**શામળાજી સરહદે કોરોના ટેસ્ટ વગર વાહનો પ્રવેશવા ઉપર પોલંપોલ, પોલીસ દાક્તરની ભૂમિકામાં..!!**

રાજ્ય સરકારે કોરોનાનું સંક્રમણ કાબુમાં લેવા માટે ગુરૂવારથી રાજ્યની તમામ સરહદો ઉપર ચેકપોસ્ટ ઉભી કરી છે અને અન્ય રાજ્યમાંથી ગુજરાતમાં પ્રવેશતા વાહન ચાલકોના આર.ટી.પી.સી.આર. ટેસ્ટ ૭૨ કલાક અગાઉના નેગેટિવ હોય તો જ રાજ્યની સરહદમાં પ્રવેશવા માટેની છૂટ જાહેર કરી છે ત્યારે રાજસ્થાન થી ગુજરાતમાં પ્રવેશતા વાહનો માટે શામળાજી સરહદે સવારથી આરોગ્ય વિભાગની ટીમો આવી ન હતી જેના કારણે પોલીસને દાક્તરની ભૂમિકા ભજવવાનો વારો આવ્યો હતો. પોલીસ એક્શનમાં આવે તે અગાઉ અનેક કોરોનાથી ચેપગ્રસ્ત લોકો રાજસ્થાનમાંથી ગુજરાતમાં ઘૂસ્યાની પણ આશંકા છે.

## બાયડની ખાનગી શાળાના આચાર્યએ વૃક્ષો વાવી "એપ્રિલ ફુલ" ઉજવ્યો

એપ્રિલ મહિનો શરૂ થાય એટલે સવારથી જ અનેક લોકોને ફડક પેસે કે કોઈક ઓળખીતું જ એપ્રિલફુલ બનાવી જશે અને આવું બનતું પણ હોય છે. બાયડની ગાયત્રી શક્તિપીઠ સંચાલિત ત્રિપદા પ્રા.શાળામાં આચાર્ય તરીકે તાજેતરમાં જ યશસ્વી ૧૪ વર્ષ પુરા કરનાર આચાર્ય પંકજભાઈ પટેલની શિક્ષણ સહિત સહઅભ્યાસીક પ્રવૃત્તિની રાજ્યના પ્રા.શિક્ષણ વિભાગે નોંધ લીધી છે. ગુરૂવારે તા.૧ એપ્રિલ હતી તેઓએ એપ્રિલફુલના બદલે શૈક્ષણિક સંકુલ પરીસરમાં વૃક્ષો વાવી એપ્રિલફુલ..નો અનોખી ઉજવણી કરી. વૃક્ષોનું પર્યાવરણ અને માનવ જીવન માટે શું મહત્વ છે તે દર્શાવવાનો પણ તેઓએ પ્રયત્ન કર્યો છે.

કાળઝાળ ગરમીમાં લોકો છાંયડો શોધતા હોય છે પરંતુ પોતાના ઘરઆંગણે વૃક્ષ વાવવાની કોઈએ દરકાર કરી નથી. બાયડ તાલુકામાં વૃક્ષો ઉગાડવા કરતાં તેનું નિકંદન કરનારાઓની સંખ્યા દિવસે..દિવસે વધી રહી છે. એક રીતે વન વિભાગ પણ વિરપ્પનો નચાવે તેમ નાચતું જોવા મળ્યું છે. આ બધા વચ્ચે બાયડના ગાયત્રી શક્તિપીઠની એકવાર મુલાકાત લેવા જેવી છે. શક્તિપીઠના પાછળના ભાગે વિશાળ વૃક્ષોથી વન બનાવવામાં આવ્યું છે અને હજુ પણ અવનવા વૃક્ષોનો ઉછેર ચાલી રહ્યો છે. ત્યારે ગાયત્રી શક્તિપીઠ-બાયડના પરીસરમાં ચાલતી ત્રિપદા પ્રા.શાળાના આચાર્ય દ્વારા તા.૧ એપ્રિલના દિવસે એપ્રિલફુલ નહીં પરંતુ વૃક્ષો વાવીને એપ્રિલફુલ બનાવવાનો નિર્ણય કર્યો જેમાં શાળાનો સ્ટાફ અને વિદ્યાર્થીઓ સહભાગી બન્યા. વૃક્ષો જળ, વાયુ અને વૃક્ષો એ જ જીવન છે.

## ઉત્તર ગુજરાતમાં ઉનાળાના આરંભે શાકભાજીના ભાવમાં ભડકો

### મહારાષ્ટ્રમાં કોરોના હાવિ, સ્થાનિક શાકભાજીનું ઉત્પાદન ઘટતાં ભાવ ઉંચકાયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

ઉત્તર ગુજરાતની ગૃહીણીઓને શાકભાજીના ઓછા ભાવમાં જૂજ દિવસો માટે રાહત મળ્યા પછી હવે ઉનાળાના આરંભે શાકભાજીના ભાવમાં ભડકો થયો છે. મહારાષ્ટ્રમાં કોરોના હાવિ થતાં લૉકડાઉનની સ્થિતિના કારણે ટ્રાન્સપોર્ટેશનને અસર થવાથી આવક ઘટી છે તો બીજી તરફ ૫ જિલ્લામાં શાકભાજીના સ્થાનિક ઉત્પાદનમાં ઘટાડો થવાના કારણે હવે તમામ પ્રકારની શાકભાજીના ભાવ ઉંચકાયા છે.



શાકભાજીના ભાવ નિયંત્રણ બહાર રહેતા હોવાના કારણે ગમે ત્યારે ભાવમાં વધ-ઘટ જોવા મળતી હોય છે. શિયાળા દરમ્યાન શાકભાજીની ભરપૂર આવક થતી હોવાથી ભાવ આશ્ચર્યજનક રીતે ઘટતા હોય છે. પરંતુ હવે કાળઝાળ ઉનાળાનો આરંભ થતાંની સાથે શાકભાજીનું ઉત્પાદન ઘટ્યું છે જેના કારણે ભાવને અસર થવા લાગી છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં શાકભાજીનો મોટો જથ્થો મહારાષ્ટ્રમાંથી આવતો હોય છે પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી મહારાષ્ટ્રમાં કોરોના હાવિ થયા પછી લૉકડાઉન અપાયું છે જેથી તેની આડઅસર શાકભાજીની નિકાસ ઉપર થઈ છે. ગૃહીણીઓને શાકભાજીના ઓછા ભાવમાં થોડાક દિવસો માટે રાહત થઈ હતી પરંતુ હવે લીલી શાકભાજીના ભાવ ભડકે બળવા લાગ્યા છે.

છેલ્લા કેટલાક દિવસથી ફુલાવર, કોબિઝ, વટાણા, કારેલા, ગવાર સહિતની શાકભાજીના ભાવ વધતાં ગૃહીણીઓના બજેટને અસર થવા લાગી છે. હજુ તો માંડ તાપમાનનો પારો ઉંચકાયો છે ત્યાં ભાવ એકાએક વધી ગયા છે. વેપારીઓનું માનીએ તો ઘરઆંગણે ફુલાવર, કોબિઝનું વધુ ઉત્પાદન થતું હોવાથી તેના ભાવમાં રાહત હતી પરંતુ હવે ઘરઆંગણે ઉત્પાદિત શાકભાજી પણ મોંઘી બનવાના અણસાર છે.

**શાકભાજીના ભાવ ઉપર નજર**

| શાકભાજી | ભાવ (૧ કીલો દીઠ) |
|---|---|
| તુવર | ૬૦ રૂ |
| વટાણા | ૮૦ રૂ |
| દૂધી | ૩૦ રૂ |
| કોબિઝ | ૧૫ થી ૩૦ રૂ |
| વાલોર | ૬૦ થી ૮૦ રૂ |
| ફુલાવર | ૪૦ થી ૬૦ રૂ |
| કારેલા | ૬૦ થી ૮૦ રૂ |
| ડુંગળી | ૨૦ થી ૩૦ રૂ |
| બટાકા | ૧૫ થી ૨૦ રૂ |
| ભીંડા | ૬૦ રૂ |
| સી. મરચાં | ૬૦ થી ૮૦ રૂ |
| પરવર | ૮૦થી ૧૦૦ રૂ |
| રવૈયા | ૧૦ થી ૩૦ રૂ |
| ગવાર | ૮૦થી ૧૦૦ રૂ |

## ઉત્તર ગુજરાતના ૩૩ હજાર પ્રાથમિક શિક્ષકોમાં રોષ ભભૂક્યો

### સોશિયલ મીડીયામાં વર્ષ દરમિયાન કરેલી કામગીરી દર્શાવી : શિક્ષણ વિભાગના અધિકારીની પ્રાથમિક શિક્ષકો માટેની વિવાદાસ્પદ પોસ્ટ સામે વધતો આક્રોશ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

તા.૧ એપ્રિલથી સરકારી પ્રાથમિક શાળાઓ સવારની ન કરાતાં પ્રા.શિક્ષકોએ ઉત્સુક્તાથી સવારની શાળાઓ કરાશે કે કેમ..?? તેવા પ્રશ્ન પૂછ્યા ત્યારબાદ શિક્ષણ વિભાગના અધિકારીએ પોતાની ટ્વિટમાં જણાવ્યું કે મેં એવો જવાબ આપ્યો છે કે ગયા માર્ચ થી આ માર્ચ સુધી લીધેલ પગાર અને કરેલા કામનો હિસાબ કરવા વિનંતી. બીજા કોઈનો નહીં ભગવાનનો ડર રાખી બાળકોના હિતમાં કામ કરો તો સારૂ..તેવી વિવાદાસ્પદ પોસ્ટ સોશ્યલ મીડીયામાં વાયરલ થયા પછી ઉત્તર ગુજરાતના ૩૩ હજાર પ્રા.શિક્ષકોમાં રોષ ભભૂક્યો છે. રોષે ભરાયેલા અનેક પ્રા.શિક્ષકોએ સોશ્યલ મીડીયામાં વર્ષ દરમ્યાન કોરોનાનો કહેર છતાં જીવના જોખમે કેવી કેવી કામગીરી કરી તેનો ચિતાર દર્શાવી રીતસરનો મોરચો માંડ્યો છે.

તા.૧ એપ્રિલે બધા એકબીજાને એપ્રિલ ફુલ બનાવવાના બદલે ખાસ કરીને પ્રા.શિક્ષકોમાં શિક્ષણ વિભાગના અધિકારીની ૩૧મી માર્ચની પોસ્ટથી ધમસાણ મચ્યું છે. એક પછી એક પ્રા.શિક્ષકોના ગૃપમાં ગયા માર્ચથી આ માર્ચ સુધી અમે શું કામ કર્યું છે તેમને અમે જણાવી છીએ કે શિક્ષકોએ કેટલું કામ કર્યું છે. વિવાદ આવનારા દિવસોમાં વધુ વકરે તેવી સંભાવના છે. શિક્ષકોએ એક પછી એક માર્ચ-૨૦૨૦ થી માર્ચ-૨૦૨૧ ના સમયગાળા દરમ્યાન કરેલી કામગીરી આંગળીના વેઢે ગણાવવાની શરૂઆત કરતાં શિક્ષકો કશું કરતા નથી તેવું કહેનારાઓના મોંઢા શિવાઈ ગયા છે. શિક્ષકો પાસે કામગીરીનો હિસાબ માંગનાર શિક્ષણ વિભાગના અધિકારીએ એ પણ સમજવું જોઈએ કે તેઓ પણ પ્રા.શિક્ષકો પાસેથી શિક્ષણ લઈને ઉંચા પદ ઉપર બેઠા છે.

### હજારો પ્રાથમિક શિક્ષકોએ શું જવાબ આપ્યો..

- વાર્ષિક પરીક્ષા-૨૦૨૦ના પેપરો ઘરે..ઘરે જઈને આપ્યા. પાઠ્યપુસ્તકો પણ ઘરે ઘરે જઈને આપ્યા.
- વર્ષ દરમ્યાન ૧૬ એકમ કસોટી બાળકોની આપી પરત લીધી, ચેક કરી, સ્કેનિંગ કર્યું.
- ડી.બી.ટી. માટે બી.પી.એલ. પરિવારને ૧૦૦૦ રૂા. બેન્ક એકાઉન્ટમાં જમા કરવા માટે માત્ર ૩ દિવસમાં ૭૦૦ જેટલા ઘર ફરી આધારકાર્ડ અને બેન્ક એકાઉન્ટ નંબર મેળવી મામલતદાર કચેરીમાં આપ્યા.
- કોરોનાના દર્દીઓ શોધવા માટે રેપિડ સર્વે કર્યો. - ડોર ટુ ડોર દરરોજના ૧૦૦ ઘરે જઈને ૭૦૦ થી ૧૦૦૦ જેટલા ઘરના તમામ સભ્યોના શરીરના તાપમાન, ઓક્સિજન લેવલ, બી.પી., ડાયાબીટીશ, દરેકના મોબાઈલ નંબર મેળવી આરોગ્ય વિભાગમાં આપ્યા. આવા સર્વે સતત ૩ વખત કર્યા.
- લૉકડાઉનમાં અનાજ, કરીયાણાની દુકાને બેસીને ગરીબ લોકોને અનાજ પુરૂ પાડ્યું.
- ઓનલાઈન શિક્ષણમાં ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ અને વાલીઓને સમજાવીને શિક્ષણ ચાલુ રાખ્યું.
- ઘરે ઘરે "ઘરે શીખીએ" અને એકમ કસોટી વહેંચી છે. - શાળાના બગીચાને પાણી પાયું છે.
- આરોગ્યની ટીમો સાથે આરોગ્યના કોઈપણ પ્રકારના અનુભવ વગર વફાદારીથી કામ કર્યું છે.
- રોડ ઉપર, હાઈવે ઉપર પોલીસ સ્ટાફ સાથે કામ કર્યું.
- રોજે રોજ વિદ્યાર્થીઓ અને વાલીઓના સંપર્ક કર્યા છે. શૈક્ષણિક માર્ગદર્શન આપ્યું.
- શિક્ષક ક્યારેય પોતાની જવાબદારીથી પાછો હટતો નથી પરંતુ ઘણી વખત પરિસ્થિતિ શિક્ષકને હતોત્સાહ કરે છે. કોરોના સંક્રમણના ભય વચ્ચે ચૂંટણી કામગીરી પૂરી ખંત અને મહેનતથી કરી છે.
- સરકારી તંત્રના લગભગ તમામ વિભાગોમાં શિક્ષકોએ કામગીરી બજાવેલ છે.
- છેવાડાના ગરીબ, પછાત વિદ્યાર્થીઓને પોતાના સંતાનની જેમ સંસ્કાર અને શિક્ષણ આપતા શિક્ષકોનો હિસાબ માંગવાવાળા એક વખત આખો દિવસ શિક્ષકો સાથે કામ કરી તો જુઓ. શિક્ષકોના મૂલ્યાંકનની વાત કરનારા પોતાના કાર્યોનું તો ક્યારેક મૂલ્યાંકન કરો.
- સીધા માર્કની એન્ટ્રી થાય તેમ હોવા છતાં સ્કેનિંગ પ્રક્રીયા જટીલ બનાવી અને આવા કાર્યો કરાવવાથી જાણે તેમને મજા આવતી હોય તેમ સીસ્ટમ ગોઠવી જાણે ભૂલ રહીત રહેતું હોય તેવું તેઓ સમજે છે. પરંતુ કેટલાય બાળકોમાં ગુણનું કરેકશન કરવું પડે છે તો આનો શું મતલબ.

### બાયડ આંજણા પાટીદાર સમાજનું ગૌરવ

બાયડ તાલુકાના વસાદરા ગામના (હાલ રહે.બાયડ, સ્વામિનારાયણ સોસાયટી, વિભાગ-૧) સંજયભાઈ પટેલ અને અરૂણાબેન પટેલ (પ્રા.શિક્ષક) ના પુત્ર



રજત પટેલે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાયેલ સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તિર્ણ થયા પછી મૌખિક ઈન્ટરવ્યુંમાં પણ ઉત્તિર્ણ થઈ સિવિલ એન્જીનિયર નર્મદા રીસોર્સ વોટર સપ્લાય એન્ડ કલ્પસર વિભાગ કલાસ-૨ તરીકે પસંદગી થતાં સમસ્ત બાયડ તાલુકા આંજણા પાટીદાર સમાજનું ગૌરવ વધારતાં અમદાવાદ એ.સી.પી. મુકેશભાઈ પટેલ, ચેતનભાઈ એમ. પટેલ (ડેમાઈ), કેતનભાઈ પટેલ (ધરતી મેડીકલ-બાયડ) વગેરેએ અભિનંદન પાઠવ્યા હતા.

## ઉત્તર ગુજરાતમાં જ્વેલર્સની દુકાનમાં નજર ચૂકવી ઘરેણાં, રોકડ સેરવતી ગેંગ ઝડપાઈ

### પાંચ આરોપીઓ પાસેથી મુદ્દામાલ મળ્યો, ભિલોડા-ખેડબ્રહ્મા-વિજયનગર પોલીસ સ્ટેશનની હદના ગુના કબુલ્યા

મહેસાણા એલ.સી.બી.ની ટીમે ઉત્તર ગુજરાતના શહેરી વિસ્તારમાં આવેલી જ્વેલર્સની દુકાનમાં નજર ચૂકવી સોનાનાં ઘરેણાં, રોકડ રકમ સેરવતી મધ્યપ્રદેશની ગેંગના ૫ આરોપીઓને ઝડપી લઈ તેમની પાસેથી ૪,૭૩,૭૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપી પાસેથી પિસ્તોલ આકારનું લાઈટર મળ્યું છે. ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા અને સતલાસણા પોલીસ સ્ટેશનની હદના ૪ ગુનાનો ભેદ પોલીસે ઉકેલ્યો છે.

જિલ્લામાં વાહન ચોરી પછી જ્વેલર્સની દુકાનમાંથી સોનાનાં ઘરેણાંની તફડંચી અને રોકડ રકમ સેરવતી ગેંગના આતંકથી ખાસ કરીને સાબરકાંઠા, અરવલ્લી અને મહેસાણા પોલીસ પરેશાન બની હતી. મોટાભાગના જ્વેલર્સની દુકાનોમાં સી.સી.ટીવી કેમેરા લાગેલા હતા પરંતુ ક્યાંય ઝડપાઈ ન જવાય તેવી ચીવટ રાખનારી ગેંગ ઉંડા અભ્યાસ સાથે જ ગુનાને અંજામ આપતી હોવાનું બહાર આવ્યું હતું. માર્ચ મહિનામાં એક જ દિવસે ભિલોડા, ખેડબ્રહ્મા અને વિજયનગર પોલીસ સ્ટેશનની હદમાં જ્વેલર્સની તથા કરીયાણાની દુકાનોમાંથી છળકપટથી નજર ચૂકવી સોનાના દાગીના તથા રોકડની ચોરી થતાં સ્થાનિક પોલીસ ઉંધા માથે થઈ ગઈ હતી. મહેસાણા એલ.સી.બી. એ સતલાસણામાં થયેલી તસ્કરીની તપાસ દરમ્યાન મહેસાણાના રામપુરા વિસ્તારમાંથી પસાર થતી મધ્યપ્રદેશના પાર્સિંગની સ્વીફ્ટ ડિઝાયર કાર અને મધ્યપ્રદેશ પાર્સિંગની બાઈક થોભાવી ૫ જેટલા ઈસમોની પૂછપરછ શરૂ કરી હતી.



### ચોથા તબક્કાનું સુજલામ સુફલામ જળ અભિયાન

## અરવલ્લી જિલ્લાને જળ સમૃદ્ધ બનાવવા ૧૦૧૬ કામોનું આયોજન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

રાજ્યને જળસમૃદ્ધ બનાવવા માટે ચોથા તબક્કાના સુજલામ સુફલામ જળ અભિયાનનો તા.૧ એપ્રિલથી આરંભ થયો છે ત્યારે અરવલ્લી જિલ્લામાં પાણીની સમૃદ્ધિમાં વધારો કરવાના આશયે સિંચાઈ, વન વિભાગ, પાણી પુરવઠા સહિતના વિભાગો દ્વારા તળાવ, ચેકડેમ ઉંડા કરવા, નદી અને વાંકડાની સફાઈ સહિતના કુલ-૧૦૧૬ કામોનું જળ અભિયાન હેઠળ આયોજન કરવામાં આવ્યું છે. તા.૩૧ મે. સુધી જળસંચયના કામો પૂર્ણ કરવાના હોવાથી સરકારના વિભાગોમાં ધમધમાટ દેખાઈ રહ્યો છે.

સુજલામ સુફલામ જળ અભિયાનથી પ્રજા અને ખેડૂતોને તેનો મહત્તમ લાભ થઈ રહ્યો છે. સરકાર દ્વારા અભિયાનને વધુ આગળ ધપાવવામાં આવતાં પાણીની મુશ્કેલી સહન કરતા વિસ્તારોમાં જળ સમૃદ્ધિમાં સુધારો થયો છે. ચોમાસા દરમ્યાન ફોગટમાં વહી જતા વરસાદી પાણીને રોકવામાં આવતાં ભૂગર્ભ જળસ્તર ઉપર આવ્યાં છે. અરવલ્લી જિલ્લામાં તળાવ અને ચેકડેમની જળસંગ્રહ ક્ષમતામાં વધારો થાય તેવા આશય સાથે ચોથા તબક્કાના રાજ્ય વ્યાપી જળ અભિયાનનો આરંભ થયો છે. જેમાં તળાવ, ચેકડેમ ઉંડા કરવા, ક્ષતિગ્રસ્ત ચેકડેમની મરામત કરવી, નવા ચેકડેમ, તળાવ તૈયાર કરવા તેમજ નદી અને વાંકડાની સફાઈ સહિતના કામોને અભિયાન હેઠળ અગ્રતા આપવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા ૩ વર્ષથી સુજલામ સુફલામ જળ અભિયાન દરેક જિલ્લાઓમાં ચલાવાઈ રહ્યું છે અને તેના કારણે જળ સમૃદ્ધિમાં વધારો થતાં આ વર્ષે પણ જળ અભિયાનનો ચોથો તબક્કો શરૂ કરવામાં આવ્યો છે.